# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ મુખપત્ર

અંક – ૭૯ : જાન્યુઆરી – માર્ચ ૨૦૨૨


iRf

## તંત્રીસ્થાનેથી . . .


### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જ્યંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા


**પ્રિય મિત્રો,**

નમસ્કાર!

ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન આપ સૌના અતુલ્ય યોગદાનથી સમાજ ઉપયોગી કાર્યોની સફરના ૨૦ વર્ષ પૂર્ણ કર્યા છે. મનુષ્યના શરીરમા કિડનીનુ મહત્વ અને તેના રોગો વિષે લોક જાગૃતિ લાવવાના ઉદ્ધેશ્યથી શરૂ કરવામા આવેલ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને સમાજના તમામ વર્ગનો સાથ અને સહકાર મળ્યો છે તેમજ અમારી પ્રવૃતિઓને વેગવંતી બનાવવામા સમાજના જાગૃત અને સેવાભાવી નાગરિકોએ મહત્વનુ યોગદાન આપ્યુ છે જેના થકી સંસ્થાએ આજે સમગ્ર ગુજરાત રાજ્યમા પોતાની પ્રવૃતિઓને ફેલાવી છે.

આ ૨૦ વર્ષના સમયગાળા દરમિયાન અમને વ્યક્તિગત તેમજ ઘણીબધી સંસ્થાઓ અને કંપનીઓ તરફથી આર્થિક મદદ મળી રહી છે. અમને સતત સહયોગ અને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરનાર પ્રત્યેક વ્યક્તિનો હું હૃદયપૂર્વક આભાર માનુ છું.

આપ સૌ જાણો છો કે દર વર્ષે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર એ 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામા આવે છે જે એક વૈશ્વિક ઝુંબેશ છે જેનો હેતુ સમાજના લોકોને કિડનીનુ મહત્વ સમજાવવાનો અને કિડનીના રોગો વિષે જાગૃત કરવાનો છે. આ અભિયાનની શરૂઆત કરનાર સંસ્થાઓ દ્વારા દર વર્ષે એક થીમ આપવામા આવે છે વર્ષ ૨૦૨૨ ની થીમ છે 'સ્વસ્થ કિડની દરેક વ્યક્તિ માટે – કિડનીની સારી રીતે સંભાળ અને તેના વિષેની અજ્ઞાનતાને દૂર કરવી'

વર્ષ ૨૦૨૨ મા વિશ્વ કિડની દિવસ ૧૦ માર્ચ ના રોજ ઉજવવામા આવ્યો જે નિમિત્તે સંસ્થા દ્વારા રાજ્યભરમા કિડની જાગૃતિ રેલી અને કાર્યક્રમો, સ્કૂલ–કોલેજમા ચિત્ર સ્પર્ધા, બીપી, ડાયાબિટીસ અને કિડનીના તબીબી પરીક્ષણ માટેના કેમ્પ જેવા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

CKD (ક્રોનિક કિડની ડિસીઝ) ની બીમારીએ અન્ય રોગ જેવા કે ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશર જેવા બિનચેપી રોગોને આભારી છે. સંસ્થા દ્વારા ગ્રામીણ અને પછાત વિસ્તારોમા કિડની જાગૃતિ કાર્યક્રમોની સાથે સાથે બીપી અને ડાયાબિટીસ માટેના તપાસ કેમ્પ પણ કરવામા આવે છે અને તેમા ભાગ લેનાર વ્યક્તિનુ બીપી અને ડાયાબિટીસ જરૂર કરતા વધારે જણાય તો તેઓનુ કિડનીનુ તબીબી પરીક્ષણ કરીને તેમને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવામા આવે છે જેથી CKD ની વહેલી ઓળખ કરીને રોગની તીવ્રતા ઘટાડી શકાય અને વ્યક્તિનુ જીવન બચાવી શકાય.

સંસ્થા દર મહિને ૧૦૦ થી વધુ જાગૃતિ અને નિદાન કેમ્પનુ આયોજન કરે છે. છેલ્લા ૨૦ વર્ષમા ૫૦ લાખથી વધુ લોકોને જાગૃત કરવામાં આવ્યા છે અને હજુ આ કામગીરી સતત ચાલુ છે.

અમને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે વિશ્વ કિડની દિવસની વર્ષ ૨૦૨૨ ની થીમને સાર્થક કરવા માટે સંસ્થા છેલ્લા ૨૦ વર્ષથી સમાજને કિડનીના સ્વાસ્થ અંગે સુશિક્ષિત કરી રહી છે જેની નોંધ 'વિશ્વ કિડની દિવસ' ઉજવવાની પહેલ કરનાર અને આયોજક ISN (International Society of Nephrology) અને IFKF (International Federation of Kidney Foundations) દ્વારા લેવાઈ હતી તેમજ તેમની વેબસાઈટ અને ન્યુઝલેટરમા પણ સંસ્થા દ્વારા વિશ્વ કિડની દિવસ નિમિત્તે કરવામા આવેલ કાર્યક્રમોનો ઉલ્લેખ કરવામા આવ્યો હતો.

આ સમયગાળા દરમિયાન સંસ્થા દ્વારા કરવામા આવેલ કાર્યક્રમો પૈકી બે નોંધપાત્ર કાર્યક્રમ એ છે કે મહાશિવરાત્રિના પર્વના દિવસે શ્રી સોમનાથ મંદિર, વેરાવળ ખાતે યોજાયેલ મેળામા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા અને શ્રી હનુમાન જયંતી નિમિત્તે શ્રી હનુમાનજી મંદિર, સારંગપુર ખાતે સંસ્થાને સ્ટોલ ફાળવવામાં આવ્યા હતા. જેમાં દર્શનાર્થે આવતા નાગરિકોનુ બીપી અને ડાયાબિટીસ તપાસીને કિડની જાગૃતિ પુસ્તિકાઓનુ વિતરણ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ. આ આયોજન માટે સંસ્થાની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી પી. કે. લહેરી સાહેબના મળેલ સહયોગ બદલ અમે તેમના આભારી છીએ.

સંસ્થા 'પ્રેરણા' કાર્યક્રમ અંર્તગત કિડનીના દર્દી મિત્રો માટે પુનઃર્વસનના ભાગ રૂપે વિવિધ શૈક્ષણિક, પ્રેરણાદાયી અને મનોરંજન જેવા કાર્યક્રમો વર્ષ ૨૦૦૨ થી કરતી આવી છે. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમો સંસ્થા દ્વારા સ્થગિત કરવામા આવ્યા હતા પરંતુ હવે પરિસ્થિતિ સામાન્ય થતા આ કાર્યક્રમો અમારા દરેક સેન્ટરમા પુનઃ શરૂ કરી દેવામા આવ્યા છે.

સંસ્થા દ્વારા ચલાવવામા આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંર્તગત કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને ડાયાલાઈઝર, A.V ફિસ્યુલા ઓપરેશન અને દવાઓ માટે આર્થિક સહાય કરવામા આવે છે આ સમય દરમિયાન અમે કુલ ૫૬ દર્દીઓને રૂ. ૩,૧૨,૫૧૬/– જેટલી રકમની સહાય કરી છે. અહી હું શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ (સંસ્થાની અમદાવાદ સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય) અને નારાયણ પાવરટેક લિમિટેડનો કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓ માટે સતત આર્થિક મદદ કરવા બદલ આભાર માનુ છુ.

આ સમય દરમિયાન સંસ્થાને શ્રી રમેશભાઈ પટેલ (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, મેઘમણી ઓર્ગેનિક્સ લિમિટેડ અને સંસ્થાની અમદાવાદ સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય) તરફથી રૂ. ૫,૦૦,૦૦૦/– અને શ્રી સુભાષભાઈ અમીન (ડાયરેક્ટર, લુબી ગ્રુપ) તરફથી રૂ. ૧,૫૦,૦૦૦/– નું દાન પ્રાપ્ત થયુ છે હું બંને પરોપકારી વ્યક્તિઓનો તેમના તરફથી મળતા સતત સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરુ છુ.

હું બધા જ શુભચિંતકો, સ્વયંસેવકો અને દાતાશ્રીઓનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરુ છુ, જેમના નિરંતર સહયોગથી અમને વધુ ઉત્સાહ સાથે કામ કરવાની પ્રેરણા મળે છે.

શુભેચ્છોઓ સહ,

**ત્રિલોકભાઈ પરીખ**

**ચેરમેન**

# કિડની જાગૃતિ કાર્યક્રમો અને નિદાન કેમ્પ

વિશ્વભરમા ઘણીબધી સંસ્થાઓ દ્વારા કરવામા આવેલ સંશોધનના તારણ પરથી એમ કહી શકાય કે ડાયાબિટીસ અને હાઈબ્લડપ્રેશર જેવા બિનચેપી રોગો શરીરના મહત્વના અંગોને ખાસ કરીને કિડનીને લાંબા સમયે નુકશાન કરે છે. આ બંને રોગની વહેલી ઓળખ અને તેને લગતી જાગૃતિ અને જાણકરી સમાજના લોકોમા આવે તો ક્રોનિક કિડની રોગને થતો અટકાવી શકાય છે.

## જાગૃતિ કાર્યક્રમો



ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર



માતૃશ્રી બી.એડ કોલેજ, પાલનપુર




સરકારી મહિલા પોલિટેકનિક કોલેજ, અમદાવાદ



પલીયડ ગામ તા. કલોલ, જી. ગાંધીનગર




પરિવર્તન નશામુક્તિ કેન્દ્ર, સુરત



હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, સુરત



જયંત સ્નેક્સ એન્ડ બેવરેજીસ પ્રા. લિ, રાજકોટ



પોલીસ હેડક્વાટર, વડોદરા

# બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પ



લક્ષ્મીનગર, નાના વરાછા, સુરત




ભુવાલડી ગામ, તા. દાસક્રોઇ, જી. અમદાવાદ




દેદીયાસણ ગામ, તા.જી. મહેસાણા



મેઉ ગામ, તા.જી. મહેસાણા



પલીયડ ગામ, તા. કલોલ, જી. ગાંધીનગર




રામનગર ગામ, તા. દેહગામ, જી. ગાંધીનગર



શ્રી સોમનાથ મંદિર ખાતે કેમ્પમા ઉપસ્થિત શ્રી પી.કે. લહેરી



સરદારગંજ, આણંદ

# વિશ્વ કિડની દિવસ–૨૦૨૨

'વિશ્વ કિડની દિવસ' એ એક વૈશ્વિક ઝુંબેશ છે જેનો હેતુ સમાજના લોકોને કિડનીનુ મહત્વ સમજાવવાનો અને કિડનીના રોગો વિષે જાગૃતિ લાવવાનો છે. વિશ્વભરમાં દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે આ દિવસ ઉજવવામા આવે છે. વિશ્વ કિડની દિવસ એ ઇન્ટરનેશનલ સોસાયટી ઑફ નેફ્રોલોજી (ISN) અને ઇન્ટરનેશનલ ફેડરેશન ઑફ કિડની ફાઉન્ડેશન (IFKF) ની સંયુક્ત પહેલ છે.

World Kidney Day

## વિશ્વ કિડની દિવસ–૨૦૨૨

**સ્વસ્થ કિડની દરેક વ્યક્તિ માટે**

**કિડનીની સારી રીતે સંભાળ અને તેના વિષેની અજ્ઞાનતાને દૂર કરવી**

World Kidney Day

આ વર્ષે ૨૦૨૨ મા આ દિવસ ૧૦ માર્ચ ૨૦૨૨ ના રોજ વિશ્વભરમા ઉજવવામા આવ્યો.

## તેનુ મહત્વ શું?

ક્રોનિક કિડની ડિસીઝ (CKD) વિશ્વભરમા ૧૦ માંથી ૧ પુખ્ત વ્યક્તિને હોય છે, અને જો સમયસર એની ઓળખ અને સારવાર કરવામા ના આવે તો તે જીવલેણ બની શકે છે. સતર્કતા અને વહેલા નિદાનથી કિડની નિષ્ફળતાને અટકાવી શકાય છે અને તેનાથી થતા મૃત્યુદરને રોકી શકાય છે. કિડની રોગ સબંધિત મૃત્યુદર વાર્ષિક ધોરણે વધતો જાય છે અને ૨૦૪૦ સુધીમા તે મૃત્યુનુ પાંચમુ મુખ્ય કારણ હોવાનો અંદાજ છે. ક્રોનિક કિડની ડિસીઝ (CKD) વિષે લોકોમા ખૂબ જ અજ્ઞાનતા છે.

કિડનીના સ્વાસ્થ્યને સારી રીતે સમજવા માટેના અવરોધોમા કિડની રોગની માહિતીની જટિલ પ્રકૃતિ, રોગ વિષેની ઓછી જાગૃતતા, આરોગ્યલક્ષી શિક્ષણનો અભાવ, ક્રોનિક કિડની ડિસીઝ (CKD) વિષેની માહિતીની ઓછી ઉપલબ્ધતા અને શીખવાની તૈયારીનો અભાવ શામેલ છે. આ જ્ઞાનનો તફાવત એ કિડનીની બિમારી સામેની લડાઈમા અવરોધ ઉભો કરી મૃત્યુદરમા વધારો કરી રહ્યો છે.

WKD ની જોઈન્ટ સ્ટીયરિંગ કમિટી વિશ્વભરના દરેકને માત્ર રોગ વિશે જાગૃત રહેવા માટે જ નહી, પરંતુ તેમની પોતાની કિડનીના સ્વાસ્થ્ય માટેના પગલા શું છે તે સક્રિયપણે જાણવા માટે કહે છે. ઉદાહરણ તરીકે તમારું બ્લડપ્રેશર કેટલુ છે અને તેની સારવાર પાછળનો ઉદ્દેશો શું છે અને તે એક કારણ છે જે વિશ્વભરમાં કિડની સમુદાયમા આપણા બધાને સામેલ કરે છે. ચિકિત્સકો, તબીબો, વૈજ્ઞાનિકો, નર્સો, દર્દીઓ, વહીવટકર્તાઓ, આરોગ્ય–નીતિ વિષયક નિષ્ણાતો, સરકારી અધિકારીઓ, નેફ્રોલોજી સંસ્થાઓ અને ફાઉન્ડેશનોએ કિડની પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે.

વધુમા સામાન્ય લોકોએ સ્વસ્થ આહાર, પાણી અને જીવનશૈલી અપનાવવી જોઈએ સાથે સાથે નિયમિત વ્યાયામ અને ધુમ્રપાન અને તમાકુના સેવન પર નિયંત્રણ રાખવુ જોઈએ જે કિડનીની તંદુરસ્તી જાળવવા અને CKD નુ જોખમ ધરાવતા લોકોમા કિડનીના કાર્યને લાંબા સમય સુધી ટકાવવામા ખૂબ જ મહત્વનુ છે.

કિડનીના દર્દીઓએ અને CKD નુ જોખમ ધરાવતા વ્યક્તિઓએ તેમજ તેમની સંભાળ લેતા વ્યક્તિઓએ આહાર અને જીવનશૈલી અંગેની વ્યવહારુ સલાહ સહિતનુ જ્ઞાન મેળવવુ જોઈએ જે સ્વસ્થ આરોગ્યના પરિણામો હાંસલ કરવામા ઉપયોગી થઈ શકે છે.

આ ઉપરાંત જનરલ ફિઝિશ્યન્સ તબીબોને પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી તેઓ દર્દીની સમગ્ર તબીબી તપાસમા CKD નુ જોખમ ધરાવતા દર્દીઓની વહેલી ઓળખ કરી અને શ્રેષ્ઠ તબીબી વ્યવસ્થાપનથી CKD ના દર્દીની પ્રારંભિક સારવાર શરૂ કરે જેથી CKD ની તીવ્રતામાં ઘટાડો કરી શકાય અને દર્દીનું જીવન બચાવી શકાય.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનિલભાઈ વડોદરીયા
૩. શ્રી અશોષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. ડો. સુધીર ભીમાણી
૬. ડો. કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનિશ આડેસરા

આ થીમ અને આ દિવસને સાચા અર્થમાં સાર્થક કરવાના હેતુથી સંસ્થા દ્વારા દરેક ચેપ્ટરમા ૧૦ માર્ચ ૨૦૨૨ ના રોજ કિડની જાગૃતિ અભિયાન અંતર્ગત કિડની જાગૃતિ કાર્યક્રમો અને કિડની નિદાન કેમ્પોનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

## અમદાવાદ

વિશ્વ કિડની દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમા વિવિધ કાર્યક્રમોનુ આયોજન થયુ જેમા સરકારી મહિલા પોલીટેકનીક અને એલ. ડી એન્જીનીયરીંગ કોલેજના અધ્યાપકશ્રીઓ માટે કિડની જાગૃતિ કાર્યક્રમ કરવામા આવ્યો હતો જેમાં એલ. ડી એન્જીનીયરીંગ કોલેજ ખાતે કિડનીના નિષ્ણાત તબીબ ડો. હસીત પટેલને (નેફ્રોલોજીસ્ટ) આમંત્રિત કરવામા આવ્યા હતા જેમને પ્રોજેકટર દ્વારા તમામ અધ્યાપકોને કિડનીની સાર સંભાળ કઇ રીતે રાખવી તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત, કોલેજના તમામ અધ્યાપકોનું બીપી, ડાયાબિટીસ અને કિડની (સીરમ ક્રિએટીનાઇન) માટે તબીબી પરીક્ષણ પણ કરવામા આવ્યુ હતુ.

આ ઉપરાંત આ દિવસે રાણીપ વિસ્તારના નાગરિકો માટે શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, બલોલનગર, રાણીપ, અમદાવાદ ખાતે વિનામૂલ્યે બીપી, ડાયાબિટીસ અને કિડની (સીરમ ક્રિએટીનાઇન) માટે તબીબી પરીક્ષણ પણ કરવામા આવ્યુ હતુ જેનો ૨૫૦ નાગરિકોએ લાભ લીધો હતો.



શ્રી નીલકંઠ મહાદેવ મંદિર રાણીપ, અમદાવાદ ખાતે નિદાન કેમ્પ

## વડોદરા

IRF દ્વારા પોલીસ હેડક્વાર્ટર, પ્રતાપનગર, વડોદરા ખાતે 'વિશ્વ કિડની દિવસ, ૨૦૨૨' નિમિત્તે કિડની જાગૃતિ કાર્યક્રમનુ આયોજન SHE ટીમના સહયોગથી કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમા SHE ટીમના PSI શ્રીમતી વૈશાલીબેન પરમાર અતિથિ વિશેષ હતા તેમજ મુખ્ય વક્તા તરીકે વડોદરાના જાણીતા નેફ્રોલોજિસ્ટ ડૉ. હર્ષલ જોષી હતા જેમણે શ્રોતાઓને કિડનીની રચના અને તેના કાર્યો, કિડનીના રોગો, તેની સાવચેતીઓ વિષે વર્ણનાત્મક રજૂઆત કરી; ડાયાલિસિસના પ્રકારો, કિડની ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા અને કેડેવરિક ઓર્ગન ડોનેશન વિષે જ્ઞાન આપ્યું હતુ. આ કાર્યક્રમમા ૧૫૦ થી વધુ પોલીસ અધિકારી હાજર રહ્યા હતા.



મહિલા પોલીસને કિડનીની માહિતી આપતા ડો. હર્ષલ જોશી



મહિલા પોલીસ સ્ટેશન અને આઈ.ટી.આઈ. વડનગર ના સહયોગથી વડનગર શહેરમા કિડની જાગૃતિ રેલી.

## મહેસાણા

સંસ્થાના મહેસાણા ચેપ્ટર દ્વારા વિશ્વ કિડની દિવસ નિમિત્તે વડનગર શહેરના લોકોને કિડનીના રોગો વિષે જાગૃત કરવાના હેતુથી જાગૃતિ રેલીનુ આયોજન ITI કોલેજ અને મહિલા પોલીસ સ્ટેશન, વડનગરના સહયોગથી કરવામા આવ્યુ હતુ આ જાગૃતિ રેલીમા બંને સંસ્થાના ઉચ્ચ અધિકારીશ્રીઓ હાજર રહીને રેલીમા ભાગ લેનાર દરેકનો ઉત્સાહ વધાર્યો હતો. આ ઉપરાંત આ દિવસે કલોલ શહેરના પૂર્વ વિસ્તારની રહેણાંક સોસાયટીઓના નાગરિકો માટે બીપી, ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમાં ભાગલેનાર દરેકને કિડની જાગૃતિ માહિતી પુસ્તિકા આપવામા આવી હતી. આ સિવાય મેઉ અને દેદીયાસણ એમ બે ગામના નાગરીકો માટે કિડની જાગૃતિ કાર્યક્રમ અને બીપી, ડાયાબિટીસ અને કિડની (સીરમ ક્રિએટીનાઇન) માટે તબીબી પરીક્ષણ પણ કરવામા આવ્યુ હતુ.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઇ આઇ. પટેલ
૩. શ્રી અજીતભાઇ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઇ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઇ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદિપભાઇ શેઠ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

## ભાવનગર

ભાવનગર ચેપ્ટર ખાતે આ દિવસે વિવિધ કાર્યક્રમો યોજીને વિશ્વ કિડની દિવસની ઉજવણી કરવામા આવી હતી જેમા ચિત્ર અને નિબંધ સ્પર્ધા, કિડની અવેરનેસ વોક ઉપરાંત ડિસ્ટ્રીક્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ કોલેજ ખાતે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જેમા ડો. નિલવ શાહ (નેફ્રોલોજિસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા અને શ્રોતાઓને કિડની વિષે પ્રોજેક્ટર દ્વારા માહિતી આપી હતી.




હેલ્થકેરના વિદ્યાર્થીઓને માહિતી આપતા ડો. નિલવ શાહ



વાયબ્રન્ટ કોલેજના વિદ્યાર્થીઓને વક્તવ્ય આપતા ડો. દિપક તમાકુવાલા

## સુરત

આ દિવસે સુરત ચેપ્ટરમા બે સંસ્થાઓ માટે કિડની જાગૃતિ કાર્યક્રમોનુ આયોજન કરવામા આવ્યુ હતુ. પહેલો જાગૃતિ કાર્યક્રમ એચ.પી.સી.એલ., હજીરાના કર્મચારીઓ માટે કરવામા આવ્યો હતો જેમા ડો. અનિલ પટેલે (નેફ્રોલોજિસ્ટ) એચ.પી.સી.એલ. ના સ્ટાફને કિડની વિષે માહિતી આપી હતી. અન્ય એક કાર્યક્રમ વાઈબ્રન્ટ કોલેજ ખાતે અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ માટે યોજાયો હતો જેમાં ડો. દીપક તમકુવાલાએ (નેફ્રોલોજિસ્ટ) શ્રોતાઓને કિડની વિષે પોતાનુ વક્તવ્ય આપ્યુ હતુ.

## રાજકોટ

રાજકોટ ખાતે સરકારી મહિલા ITI કોલેજના વિદ્યાર્થીઓ અને હિંમતનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, શિતલપાર્કના રહીશો માટે કિડની જાગૃતિ કાર્યક્રમનુ આયોજન થયું હતું તેમજ કે.બી. જસાણી હાઈસ્કૂલના સ્ટાફ માટે બીપી, ડાયાબિટીસ અને કિડની ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામા આવ્યુ હતુ.


વિશ્વ કિડની દિવસ નિમિત્તે સંસ્થા દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમ અને પ્રવૃત્તિઓની નોંધ આ દિવસ ઉજવવાની પહેલ કરનાર ઈન્ટરનેશનલ સોસાયટી ઑફ નેફ્રોલોજી (ISN) અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશન (IFKF) દ્વારા લેવાઈ હતી અને વિશ્વ કિડની દિવસની વેબસાઈટ www.worldkidneyday.org પર તેનો ઉલ્લેખ કરીને સંસ્થાની કામગીરીને બિરદાવવામાં આવી હતી.




આઈ.ટી.આઈ રાજકોટના વિદ્યાર્થીઓ માટે કિડની જાગૃતિ કાર્યક્રમ

### સ્થાનિક સલાહકાર સમિતિ
### ગીર-સોમનાથ

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો.શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા



પ્રેરણા

ક્રોનિક કિડની રોગ (CKD) એ મનુષ્યની શારીરિક કાર્યક્ષમતા પર અસર કરે છે તેથી વ્યક્તિની જીવનની ગુણવત્તા નબળી પડતી જાય છે, જે કોઈપણ વયના વ્યક્તિને જોવા મળી શકે છે. કિડનીના દર્દીઓની જીવનની ગુણવત્તા સુધારવા પુનઃર્વસન એ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન આવા દર્દી મિત્રો માટે ‘પ્રેરણા’ કાર્યક્રમ અંર્તગત ઓક્ટોબર ૨૦૦૨ થી વિવિધ પુનઃર્વસનની પ્રવૃત્તિઓ કરી રહી છે.

## ભાવનગર

તારીખ ૨૮ માર્ચ ના રોજ ભાવનગર જીલ્લાના ૧૩૪ જરૂરિયાતમંદ કિડનીના દર્દી મિત્રોને અક્ષયપાત્ર ફાઉન્ડેશન અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર ના સહયોગથી અનાજની કિટનુ વિતરણ કરવામા આવ્યુ હતુ.







Save a life
Sponsoring Renal Treatment

સંસ્થા દ્વારા ચાલતા ‘સેવ અ લાઈફ’ કાર્યક્રમનો લાભ લેતા દર્દીમિત્રોની વાંચા



સુરૈયાબાનુ જહાંગીરશા

મારુ નામ ફકીર સુરૈયાબાનું જહાંગીરશા છે. મારી ઉંમર ૩૨ વર્ષની છે હું મહેસાણાના દેસાઇનગર વિસ્તાર, રામોસણા ચોકડી ખાતે મારા પતિ અને પુત્ર સાથે રહું છુ. મારા પતિ છૂટક કામ કરીને આમારા પરિવારનુ ગુજરાન ચલાવે છે. આજથી લગભગ એક વર્ષ પહેલા મને સામાન્ય તાવની અસર જાણતા અમે ડૉક્ટર પાસે ગયા હતા જ્યાં કેટલાક પ્રાથમિક ટેસ્ટ કરાવવા માટેનુ સૂચન કર્યુ હતુ. અને એ ટેસ્ટના આધારે ડોક્ટર સાહેબે મારી કિડની નિષ્ફળતાનુ નિદાન કર્યું. ત્યારબાદ ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ ડાયાલિસીસની સારવાર શરૂ કરવામા આવી સૌ પ્રથમ DLC દ્વારા મારુ ડાયાલિસિસ કરવામા આવ્યુ અને હવે મારે આ સારવાર આગળ શરૂ રાખવા માટે AV Fistula નુ ઓપરેશન કરાવવુ જરૂરી હતુ મારા પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાથી મારુ આ ઓપરેશન કરાવવામા ખૂબ જ સમય વીતી ગયો આ સમય દરમિયાન અમે ઇન્ડિયા રિનલ ફાઉન્ડેશન મહેસાણાના સંપર્કમાં આવ્યા અમે અમારી પરિસ્થિતિ સંસ્થાને વર્ણવી અને ત્યારે તેઓએ અમને મદદ કરવા માટેની તત્પરતા બતાવી અને સંસ્થા દ્વારા શ્રેય સર્જીકલ હોસ્પિટલ ખાતે મારા AV Fistula ના ઓપરેશન માટેની વ્યવસ્થા કરવામા આવી જ્યાં ડો. પિયુષ પટેલે સફળતા પૂર્વક મારુ આ ઓપરેશન કર્યું. હું ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનો હ્રદયપૂર્વક આભાર માનુ છુ કે જેઓએ મને સમયસર AV Fistula ના ઓપરેશન માટે મદદ કરી અને હવે મારી ડાયાલિસીસની સારવાર સંકુસ હોસ્પિટલ ખાતે ચાલી રહી છે.

મારુ નામ ધવલ પટેલ છે અને હુ ભરૂચ જિલ્લાના અંકલેશ્વરનો રહેવાશી છુ મારા પરિવારમા હુ અને મારા મમ્મી બંને એકલા રહીએ છીએ ૨૯ જુલાઇ ૨૦૧૯ ના રોજ હુ પાનોલી GIDC ખાતે એક પ્રાઈવેટ કંપનીના વેર હાઉસમા સ્ટોર ઓફિસર તરીકે ફરજ બજાવતો હતો તે દરમિયાન અચાનક જ મને ખેંચ આવતા મારી નર્વશ સિસ્ટમ ડાઉન થઈ ગઈ હતી અને હુ બે ભાન થઈ ગયો હતો જેથી મને અંકલેશ્વરમા આવેલ સરદાર પટેલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો જ્યાં બધી તપાસ કરતા મારુ ક્રિએટીનાઈન જરૂર કરતા વધારે જાણતા હોસ્પિટલમા વિઝિટર તબીબ તરીકે સેવા આપતા નેફ્રોલોજિસ્ટ ડોક્ટર યોગેશ ભાર્ગવ દ્વારા મારી સારવાર શરૂ કરવામા આવી જેમની દવાઓ અને સારવારથી છ મહિના સુધી મારી કિડનીનુ કાર્ય ચાલી શક્યુ ૧૯ ડિસેમ્બર ૨૦૧૯ પછી મારી તકલીફ વધી જતા અને કિડની નિષ્ફળતાના લક્ષણો શરીર પર જોવા મળતા મને ફરીથી સરદાર પટેલ હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો હતો ડો યોગેશ ભાર્ગવે સંપૂર્ણ તપાસ કર્યા પછી મારી કિડની નિષ્ફળતાનું નિદાન કર્યું અને ડાયાલિસીસની સારવાર લેવાની સૂચના આપી ૩૦ ડિસેમ્બર ૨૦૧૯ ના રોજ આજ હોસ્પિટલમાં મારી ડાયાલિસીસની સારવાર શરૂ કરવામા આવી. ૨૨ જુલાઇ ૨૦૨૧ ના રોજ મારા માતાશ્રી દ્વારા મને કિડનીદાન મળતા મારુ કિડની ટ્રાન્સપ્લાન્ટનુ ઓપરેશન સફળતા પૂર્વક CIMS હોસ્પિટલ, અમદાવાદ ખાતે કરવામા આવ્યુ. ટ્રાન્સપ્લાન્ટ પછી કેટલીક મર્યાદાઓના કારણે હુ ફરીથી જોબ શરૂ કરી શકુ એવી પરિસ્થિતિમા ન હતો બીજી બાજુ ટ્રાન્સપ્લાન્ટ પછી જે દવાઓ લેવી પડે એ ખૂબ જ મોંઘી હોવાથી મને તે પોસાય એમ નહોતુ મારી બધી જ બચત આ સારવાર પાછળ ખર્ચ થઈ ગઈ હતી. એવામા મે ગૂગલ પરથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સંસ્થાની માહિતી મેળવીને એમનો સંપર્ક કર્યો ત્યારબાદ સંસ્થાના ઓફિસર મારા ઘરે આવ્યા મે તેઓને મારી સમસ્યાઓ જણાવી અને તેઓએ બનતી શક્ય મદદ કરવાની ખાત્રી આપી હતી અત્યારે છેલ્લા ૧૦ મહિનાથી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા મને દર મહિને રૂ.૫૦૦૦/– ની દવાઓની સહાય મળે છે જેથી હવે હુ કિડની ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ સરળતાથી લઈ શકુ છુ.



ધવલભાઈ પટેલ

# આ સમયગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| મેઘમણી ઓર્ગેનિક્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૫,૦૦,૦૦૦/– |
| શ્રી રામભાઇ એન. અમીન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | રૂ. ૧,૫૦,૦૦૦/– |

## અન્ય દાતાઓ

| | |
|---|---|
| શિલ્પ ગ્રેવર્સ લિમિટેડ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |
| શ્રી સુભાષચંદ્ર સી. નાણાવટી, સુરત | રૂ. ૧૦,૦૦૦/– |
| શ્રી પ્રમોદભાઇ આર. પંચોલી, વડોદરા | રૂ. ૧૦,૦૦૦/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦ /– |

Save a life
Sponsoring Renal Treatment

## કાર્યક્રમના દાતાશ્રીઓ

### અમદાવાદ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| શ્રી પ્રકાશભાઈ આર. જલગાઉકર | રૂ. ૨૧૦૧/– |

### વડોદરા

| | |
|---|---|
| નારાયણ પાવરટેક પ્રા. લિ. | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી જાલ આર. પટેલ | રૂ. ૨૦,૦૦૦/– |
| શ્રીમતિ બિંદુબેન ડી. દેસાઇ | રૂ. ૧૧,૦૦૦/– |
| ડો. ચીનુભાઈ એસ. દોશી | રૂ. ૫,૦૦૦ /– |

## ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૪. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૫. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૬. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન 80 G હેઠળ 50% કર રાહતને પાત્ર છે

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B–૨૦૬, શપથ–૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ–ગાંધીનગર હાઈવે, અમદાવાદ–૩૮૦૦૫૧. ફો. ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨ • સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧ • રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫ • મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬ • ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭ • ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮ • હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G